છેતરપીંડીના ગુનામાં એક વર્ષથી ફરાર વોન્ટેડ સે. ૨૮નો શખ્સ પકડાયો

એલસીબીની એબસ્કોન્ડર સ્કવોર્ડ તેની ધરપકડ કરીને મહેસાણા પોલીસને સોંપી દીધો

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર રેન્જ ડીઆઈજીપીની સુચનાથી ગાંધીનગર એલસીબી પી.આઈ. આશુતોષ પરમાર તથા તેમની એબસ્કોન્ડર સ્કવોર્ડ નાસતા ફરતા આરોપીઓ પકડવા દોડધામ કરી રહી છે ત્યારે એક વર્ષથી નાસતો ફરતો સે. ૨૮માં રહેતો છેતરપીંડીના ગુનાનો આરોપી એલસીબીની એબસ્કોન્ડર સ્કવોર્ડે પકડી પાડ્યો છે. એલસીબીએ તેની ધરપકડ કરીને મહેસાણા બી-ડીવીઝન ખાતે મોકલી આપ્યો છે.

એબસ્કોન્ડર સ્કવોર્ડના પીએસઆઈ એમ.સી. ગોહીલ તથા એએસઆઈ અશોકકુમાર, પો.કો. કીરીટકુમાર, મહિપાલસિંહ, યુવરાજસિંહ સહીતના માણસોએ ૧૧ માસથી મહેસાણા જિલ્લાના બી-ડીવીઝન પોલીસ સ્ટેશનની હદમાં છેતરપીંડી અને ઠગાઈનો ગુનો કરનાર શખ્સને ગાંધીનગરથી પકડી પાડ્યો છે. સેક્ટર-૨૮ શાંતિકુંજ સોસાયટી પ્લોટ નં. ૩૭૮/૨માં રહેતા વોન્ટેડ આરોપી જીગ્નેશ કુમુદચંદ્ર પંડ્યાને તેના ઘરેથી ઝડપી પાડીને એબસ્કવોન્ડર સ્કવોર્ડ મહેસાણા પોલીસને હવાલે કરી દીધો છે.

આજે શુકન સ્કાય ફલેટ ખાતે સુંદરકાંડ પાઠ

ગાંધીનગર, તા. ૪

ન્યુ ગાંધીનગરની શુકન સ્કાયના રહીશો દ્વારા સંગીતમય સુંદરકાંડ પાઠ તા. ૫ એપ્રિલ શનિવાર રાત્રે ૮.૦૦ કલાકે શુકન સ્કાય ફલેટ સીટી પલ્સની સામે, રાંદેસણ બસ સ્ટેન્ડ પાછળ યોજાશે. નગરની ધર્મપ્રેમી જનતાને લાભ લેવા હાર્દિક આમંત્રણ પાઠવેલ છે.

કલોલના વડસર પાસેથી ૩ હજાર કિલો ગૌ માંસનો જથ્થો ઝડપાયો

૧૧ લાખથી વધુ કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી કલોલ તાલુકા પોલીસે બે શખ્સોની ધરપકડ કરી

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકા વિસ્તારમાં આવેલા વડસર ગામ પાસેથી પસાર થઈ રહેલો ગૌમાંસનો ૩ હજાર કિલોનો જથ્થો ભરેલી ટ્રક હિન્દુ ગૌ રક્ષક દળની મદદથી કલોલ તાલુકા પોલીસે પકડી પાડીને બે શખ્સોની રૂ. ૧૧ લાખથી વધુના મુદ્દામાલ સાથે ધરપકડ કરી લીધી હતી. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે આ શખ્સો ગૌમાંસનો જથ્થો અમદાવાદ મીરઝાપુર ખાતે મટન માર્કેટ લી જઈ રહ્યા હતા. કલોલ તાલુકા પોલીસે તે દિશામાં વધુ તપાસ આરંભી છે.

હિન્દુ ગૌ રક્ષક દળના પ્રમુખની બાતમીના આધારે આજે વહેલી સવારે કલોલ તાલુકા પોલીસની ટીમ વડસર ચાર રસ્તા પાસે વોચ પર ગોઠવાઈ ગઈ હતી. સાડા છ વાગ્યાના અરસામાં ભોયણ ગામની સીમ તરફથી બે ટાટા ટ્રક આવી રહી હતી. રોકવાનો પ્રયત્ન કરતાં પુરપાટ ઝડપે એક ટ્રક ભાગી ગઈ હતી. પાછળ આવતી ટ્રક આંતરીને પોલીસે લાલા ઉર્ફે સલીમ હસુભાઈ અજમેરી અને સદામહુસેન પીરૂભાઈ અજમેરી બન્નેની ૩ હજાર કિલો ગૌમાંસનો જથ્થો તથા પશુ કાપવાના છરા સાથે ધરપકડ કરી લીધી હતી. રૂ. ૧૧ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરીને કલોલ તાલુકા પોલીસે ઊંડી તપાસ હાથ ધરી છે.



વાવોલ ગામનાં ફાટક પાસે નમી ગયેલા વૃક્ષને સૌ જુએ છે પણ તે અંગેની કાળજી લેવાની દરકાર કોઈ કરતું નથી. વનવિભાગનું ધ્યાન આ તરફ દોરાયું નથી લાગતું. (તસવીર : કશ્યપ નિમાવત)

રવિવારે જૈન સોશ્યલ ગૃપની નવી કારોબારી સમિતિનો શપથવિધિ સમારોહ યોજાશે

ગાંધીનગર જૈન સોશ્યલ ગૃપની વર્ષ ૨૦૧૪ માટેની કારોબારી સમિતિનો શપથવિધિ સમારોહ રાંધેજા રોડ પર આવેલ ઘુંઘટ હોટલ ખાતે તા. ૬ઠ્ઠી એપ્રિલ રવિવારે યોજાનાર છે. આ કાર્યક્રમમાં જૈન સોશ્યલ ગૃપ દ્વારા વિવિધ સ્પર્ધાઓ અને રમતોનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

શહેરના જૈન સમાજને એક તાંતણે સાંકળતી સંસ્થા જૈન સોશ્યલ ગૃપની વર્ષ ૨૦૧૪ની નવી નિમાયેલી કારોબારી સમિતિના શપથવિધિ સમારોહમાં સંસ્થા દ્વારા સવારે ૮.૩૦ વાગ્યાથી બપોરે ૨.૩૦ વાગ્યા દરમ્યાન વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે. આ કાર્યક્રમમાં સ્વાગતવિધિ બાદ નવી કારોબારીની જાહેરાત અને શપથવિધિ યોજાશે. ત્યારબાદ સભ્યો માટે વિવિધ રમતો યોજાશે. આ દિવસે સભાસદ ફી ભરનાર સભ્યો માટે લકી ડ્રો નું પણ આયોજન કરાયું છે. જેમાં ૧૧ આકર્ષક ઈનામો રાખવામાં આવ્યા છે. આ ઉપરાંત આ કાર્યક્રમમાં બેસ્ટ ડ્રેસ કોમ્પીટીશન અને બેસ્ટ કપલ ગેમ પણ યોજવામાં આવી છે જેનું ઈનામ વિતરણ પણ આ જ કાર્યક્રમ દરમ્યાન કરવામાં આવશે. કાર્યક્રમની પૂર્ણાહૂતિ બાદ સભાસદો માટે સ્વરૂચિ ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે.

નવી કારોબારીના હોદ્દેદારો નીચે પ્રમાણે છે.

ડૉ. આરતીબેન બુચ, સેક્ટર-૨૮	પ્રમુખ
શ્રીમતી વિણાબેન વોરા, સેક્ટર-૨	ઉપપ્રમુખ
શ્રીમતી નિતિકાબેન શાહ, સેક્ટર-૨૧	ઉપપ્રમુખ
શ્રીમતી જીજ્ઞાબેન દોશી, સેક્ટર-૨૨	મંત્રી
શ્રીમતી દેવાંશીબેન શાહ, સેક્ટર-૨	સહમંત્રી
શ્રીમતી મનિષાબેન શાહ, સેક્ટર-૨૨	ખજાનચી

● કારોબારી સભ્યો

શ્રીમતી આશાબેન જયરાજસિંહ સરવૈયા, સેક્ટર-૨
શ્રીમતી પારૂલબેન નીમેષભાઈ શાહ, સેક્ટર-૩-ડી
શ્રીમતી મોનાબેન દેવાંગભાઈ શેઠ, સેક્ટર-૭-ડી
શ્રીમતી વિલાસબેન ઈન્દ્રવદનભાઈ શાહ, સેક્ટર-૮-બી
શ્રીમતી મનિષાબેન અનીલભાઈ જૈન, સેક્ટર-૮-બી
શ્રીમતી જાગૃતિબેન હરિશભાઈ લાખાણી, સેક્ટર-૧૭
શ્રીમતી નેહલબેન વિરલભાઈ ટોલીયા, સેક્ટર-૨૧
શ્રીમતી નીતાબેન ગિરિશભાઈ શાહ, સેક્ટર-૨૧
શ્રીમતી ક્રિષ્નાબેન કેયુરભાઈ કપાસી, સેક્ટર-૨૨
શ્રીમતી હર્ષાબેન હેતલભાઈ શાહ, સેક્ટર-૨૨
શ્રીમતી જાગૃતિબેન પારસભાઈ સંઘવી, સેક્ટર-૨૩
શ્રીમતી રીટાબેન મૌલિકભાઈ વખારીયા, સેક્ટર-૨૪
શ્રીમતી પ્રતિમાબેન ભુપેન્દ્રભાઈ શાહ, સેક્ટર-૩૦
શ્રીમતી સ્મિતાબેન હરેશભાઈ શાહ, સેક્ટર-૩૦
શ્રીમતી દક્ષાબેન બીપીનભાઈ શાહ, બાલાજી અગોરા

ગાંધીનગરના શાણા મતદારો હજુ 'મગનું નામ મરી' પાડતા નથી

ગાંધીનગર, તા.૪

દેશભરમાં ૧૬મી લોકસભાની સામાન્ય ચૂંટણીઓનો માહોલ બરાબર જામી ચૂકયો છે. માત્ર ગણતરીના દિવસોમાં મતદાનનું પહેલું ચરણ પ્રારંભ થવાનું છે. ગુજરાતમાં તા. ૩૦મી એપ્રિલે મતદાન યોજવાનું છે. આ ચૂંટણીઓમાં મતદાતાઓનો વિશ્વાસ જીતવા દરેક રાજકીય પક્ષ દ્વારા એડીચોટીનું જોર લગાડવામાં આવી રહ્યું છે. પરંતુ મતદાર હજુ પણ તેનું મન કળવા દેતો નથી. કેટલાક મતદાતાઓ હજુ પણ કોને વોટ આપવો તે બાબતે અવઢવમાં છે. લોકશાહીના આ મહાપર્વમાં 'ગાંધીનગર સમાચાર' દ્વારા શહેરમાં મતદાતાઓને રૂબરૂ મળી તેમનું મન જાણવા એક પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે. જેનો રોજેરોજનો રિપોર્ટ અમારા સુજ્ઞ વાંચકો સમક્ષ અમે 'ઈલેકશન લાઈવ' દ્વારા રજુ કરતા રહીશું.

આગામી ચૂંટણીઓના જંગમાં કયો યોધ્ધા મેદાન મારી જશે તે અંગે જોરદાર ચર્ચાઓ લોકો દ્વારા ચોરે-ચૌટે, ચાની કિટલીઓ, પાનના ગલ્લે, મિત્રોના સહવાસમાં કે ઘરના દિવાનખંડોમાં ચાલી રહી છે. ક્યારેક પલ્લુ ભાજપ તરફ નમતું જણાય છે

ઈલેકશન લાઈવ

તો ક્યારેક અરવિંદ કેજરીવાલ ફરીથી સરપ્રાઈઝ આપી જશે તેવો આભાસ ઉભો થાય છે. કેટલાકના મતે કોંગ્રેસ પણ ભારતનો ખૂબ જૂનો અને સ્થાપિત પક્ષ હોઈ તેની ભલે મિડીયામાં અવગણના થઈ રહી હોય પણ તેને ચૂંટણીના પરિણામો બાબતે સાવ અવગણી શકાય તેમ નથી.

ગાંધીનગરમાં કેટલાક મતદારોનો સંપર્ક કરી તેમને સીધા સાદા સાતેક સવાલ પૂછવામાં આવશે જેમાં લોકોને કેવી સરકાર જોઈએ છે, કયા મુદ્દાને મહત્વનો ગણી રહ્યા છે, પોતાના મત વિસ્તારમાં સંસદસભ્યની કામગીરી અને આ વખતના ઉમેદવારો પ્રત્યે અપેક્ષા અને જો ત્રિશંકુ સરકાર રચાય તો કોને વડાપ્રધાન પદે મતદાર જોવા ઈચ્છે છે તેવી બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સર્વેક્ષણ માટે ગાંધીનગર સમાચાર દ્વારા વિવિધ કેટગરી જેમ કે યુવા મતદાતા, મહિલાઓ, વેપારી વર્ગ, શ્રમિક વર્ગ, નોકરીયાત, મધ્યમવર્ગીય તેમજ કેટલાક પ્રોફેશનલ્સને મળીને સામન્ય નાગરિક જેનો કોઈ પક્ષ સાથે સીધો સંબંધ નથી તેવા મતદારોનું મન જાણી ક્યાસ કાઢવા પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

સે-૩-ડીના રામેશ્વર મહાદેવ ખાતે નિઃશુલ્ક મેડીકલ ચેક અપ કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરની યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ સંસ્થા દ્વારા અવારનવાર નિઃશુલ્ક મેડીકલ ચેક અપ કેમ્પનું આયોજન કરવામાં આવે છે. આ સંસ્થા દ્વારા આગામી તા. ૬ ઠ્ઠી એપ્રિલ રવિવારે સેકટર-૩-ડીમાં આવેલ શ્રી રામેશ્વર મહાદેવ મંદિર ખાતે મેડીકલ ચેક અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં ફીઝીયોથેરેપી, આર્યુવેદિક, દાંતના રોગો, બ્લડપ્રેશર, બી.એમ.આઈ. તેમજ આંખના રોગોની તપાસ નિઃશુલ્ક કરવામાં આવશે. મેડીકલ ચેક અપ કેમ્પનો સમય સવારે ૯ થી ૧૨ વાગ્યાનો રાખવામાં આવ્યો છે.

બ્રહ્મભવન સે. ૧૬ ખાતે આનંદનો ગરબો સ્ત્રોત ગાન સ્પર્ધા

ગાંધીનગર, તા. ૪

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ અને વિવેક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આનંદનો ગરબો અને રામ ભગવાનના સ્ત્રોતગાન સ્પર્ધા તા. ૬ એપ્રિલ, રવિવાર, બપોરે ૧.૩૦ કલાકે, બ્રહ્મભવન સેકટર-૧૬, ગાંધીનગર ખાતે યોજાશે. બાળકો અને બહેનોને લાભ લેવા જણાવ્યું છે.

જૈન સોશ્યલ ગૃપ ગાંધીનગરના હોદ્દેદારોની શપથવિધિ યોજાશે

ગાંધીનગર, તા. ૪

જૈન સોશ્યલ ગૃપ ગાંધીનગર કે જે ગાંધીનગરમાં ૩૨ વર્ષથી સામાજિક અને વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા કાર્યરત છે. વર્ષ ૨૦૧૪-૧૫ના હોદ્દેદારોની શપથવિધિનો કાર્યક્રમ તા. ૬ એપ્રિલના રોજ સવારે ૯.૦૦ કલાકે હોટલ ઘુંઘટ, માણસા રોડ, ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ છે. ઉપરોક્ત કાર્યક્રમમાં જૂના તેમજ નવા મેમ્બર્સની નોંધણી કરવામાં આવશે. ગાંધીનગરમાં સર્વ પ્રથમ વખત મહિલા હોદ્દેદારો કાર્યભાર સંભાળશે.

ઈશરત કેસમાં અમિત શાહ સામે પુરાવા મળી રહ્યા નથી

અમદાવાદ, તા.૦૪

ગુજરાતના મુખ્યમંત્રી અને હાલ લોકસભા ઈલેકશનના ભાજપ પક્ષના પીએમ ઉમેદવાર નરેન્દ્ર મોદીના રાઈટ હેન્ડ ગણાતા અમિત શાહ માટે આનંદના સમાચાર છે. આગામી ટુંક સમયમાં અમદાવાદ સ્થિત ખાસ સીબીઆઈ અદાલતમાં યોજાનાર ઈશરત એન્કાઉન્ટર કેસની સુનાવણીમાં તપાસ એજન્સી સીબીઆઈ એવી રજુઆત કરશે કે અમિત શાહ સામે કેસ ચલાવી શકાય તેટલા પુરતા પુરાવા સાંપડ્યા નથી. અમિત શાહ હાલ લોકસભા ઈલેકશનમાં યુપીના પ્રભારી તરીકે કામગીરી સંભાળી રહ્યા છે. ઉપરાંત મોદીને પીએમ બનાવવાની જવાબદારી પણ તેમના ઉપર છે.

ઈશરત જહાં નકલ એન્કાઉન્ટર કેસમાં આગામી ટુંક સમયમાં નવો વળાંક આવે તેવી સંભાવના છે. એન્કાઉન્ટરમાં માર્યા ગયેલ જાવેદ શેખના પિતા ગોપીનાથ પિલ્લાઈએ થોડા સમય અગાઉ કોર્ટમાં અરજી દાખલ કરી અમિત શાહ સામેના પુરાવા રજુ કર્યા હતા. જેમાં તેમમે જણાવ્યું હતું કે સીબીઆઈએ જાણીજોઈ અમિત શાહ સામે ઉપસ્થિત થતા પુરાવાની અવગણના કરી છે. પિલ્લાઈ દ્વારા રજુ કરાયેલા પુરાવામાં અમિત શાહના આરોપી પોલીસ અધિકારીઓ સાથેની વાતચીતના ફોન રેકોર્ડ અને અધિકારીઓએ સીબીઆઈ સમક્ષ આપેલા નિવેદનોનો સમાવેશ થાય છે. તપાસ એજન્સી સીબીઆઈએ આગામી ૨૧મી એપ્રિલ પહેલા ઉપરોક્ત બાબતે જવાબ આપવાનો છે. સુત્રોની માહિતી અનુસાર ગોપીનાથ પિલ્લાઈ દ્વારા આપવામાં આવેલી પુરાવાની યાદી તપાસ એજન્સી સીબીઆઈએ જોઈ તપાસી લીધી છે, જેમાં સીબીઆઈને અમિત શાહ સામે કેસ ચલાવી શકાય તેવા પુરાતા પુરાવા સાંપડ્યા નથી. અને જો નવા કોઈ પુરાવા મળે તો જ કેસ પુનઃજીવિત થઈ શકે. ૨૧મી એપ્રિલ પહેલા ગોપીનાથ પિલ્લાઈ દ્વારા દાખલ તપાસ અરજીમાં સીબીઆઈને સોંપવામાં આવેલા પુરાવા અંગે જવાબ આપવાનો છે, જેમાં સીબીઆઈ નક્કી કરશે કે અમિત શાહ સામે કેસ ચાલશે કે નહીં. પાંચમી ફેબ્રુઆરીએ સીબીઆઈએઈન્ટેલીજન્સ બ્યૂરોના સ્પેશિયલ ડિરેક્ટર રાજેન્દ્રકુમારને ઈશરત કેસમાં ચાર્જ કર્યા હતા, પરંતુ અમિત શાહને ક્લીનચીટ આપી હતી. તા. ૭મી ફેબ્રુઆરીએ આપેલા ઈન્ટરવ્યૂમાં સીબીઆઈ ડિરેક્ટર રંજીત સિંહાએ જણાવ્યું હતું કે અમિત શાહની સંડોવણી અંગે થોડી શંકા છે.

રવિવારે ગાંધીનગરના રામકથા મેદાનમાં નિરંકારી સંત સમાગમનું આયોજન

સંત નિરંકારી મિશનના વડા બાબા હરદેવસિંહજી મહારાજ નિરંકારી બાબા બ્રહ્મજ્ઞાન આપશે

ગાંધીનગર, તા. ૪

સંત નિરંકારી મંડળ દ્વારા ગાંધીનગરના સેક્ટર-૧૧માં રામકથા મેદાન ખાતે તા. ૬ઠ્ઠી એપ્રિલ રવિવારે સાંજે ૬ થી ૯ વાગ્યા દરમ્યાન બાબા હરદેવસિંહજી નિરંકારી બાબા દ્વારા વિશાળ સંત સમાગમનું આયોજન કરવામાં આવ્યું છે. નિરંકારી બાબા દ્વારા એકત્વના સંદેશ દ્વારા વિશ્વ ભાઈચારાની સ્થાપના માટે બ્રહ્મજ્ઞાન દ્વારા જીજ્ઞાસુઓને પરમાત્માની અનુભૂતિ કરાવવામાં આવે છે.

સંત નિરંકારી મિશનના વડા બાબા હરદેવસિંહજી મહારાજ તા. ૨૯મી માર્ચથી ગુજરાતના આધ્યાત્મિક પ્રવાસે આવેલા છે. સંત નિરંકારી મંડળના ગાંધીનગર ઝોન દ્વારા તેમના સંત સમાગમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ

સમાગમ દરમ્યાન બાબા હરદેવસિંહજી મહારાજ ધર્મપ્રેમી જીજ્ઞાસુઓને બ્રહ્મજ્ઞાન પીરસશે.

ભારત સહિત સમગ્ર વિશ્વમાં સંત નિરંકારી મંડળની અનેક શાખાઓ છે, માત્ર ગુજરાતમાં કુલ ૬૭ શાખાઓ છે. જેમાં એક ગાંધીનગર શાખાનો પણ સમાવેશ થાય છે. સે. ૩૦ના ચીપટાઈપ શોપીંગ સેન્ટરની સામે આવેલ સંત નિરંકારી ભવનમાં જાતિ, સંપ્રદાય અને ધર્મ જેવી તમામ બાબતોને દૂર કરીને સૌને એકત્વની ભાવના માટે આ મિશન દ્વારા ફોરમ પુરૂ પાડવામાં આવે છે. સંત નિરંકારી મિશન દ્વારા બાબા હરદેવસિંહજીના સંત સમાગમ માટે તમામ ધર્મપ્રેમી જનતાને નિમંત્રણ આપવામાં આવ્યું છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૦
સૂર્યાસ્ત : ૬.૫૫

તાપમાન

મહત્તમ : ૪૦.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૯.૨ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૪૧ ટકા ● સાંજે ૨૦ ટકા

મનોરંજન

સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
મે તેરા હીરો : ૧૨.૩૦,૩.૨૦,૬.૩૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
કેપ્ટન અમેરિકા (અંગ્રેજી) ૩ડી : ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
યંગીસ્તાન : ૧.૩૦, ૧૦.૦૦
ક્વીન : ૪.૦૦ ● રાઉડી (તેલુગી) : ૭.૦૦
: સ્ક્રીન-૪ :
મે તેરા હીરો : ૧૦.૦૦, ૧૨.૩૦
જલ : ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૫ :
મે તેરા હીરો : ૧૨.૩૦
ક્વીન : ૪.૦૦ ● જલ : ૭.૦૦
યંગીસ્તાન : ૧૦.૦૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
કેપ્ટન અમેરિકા : ૧૦.૧૦, ૧.૧૦, ૪.૧૦, ૭.૧૦, ૧૦.૧૦
: સ્ક્રીન-૨ :
કેપ્ટન અમેરિકા (હિન્દી) : ૯.૧૦
રાગીની એમએમએસ-૨ : ૧૨.૧૦
વીસ્કી ઈસ રીસ્કી : ૨.૫૦
યંગીસ્તાન : ૫.૦૦ ● જલ : ૭.૪૦
મે તેરા હીરો : ૧૦.૨૫
: સ્ક્રીન-૩ :
મે તેરા હીરો : ૯.૧૫, ૧૨.૧૦, ૨.૪૦, ૫.૨૫, ૮.૧૦, ૧૦.૫૫
: સ્ક્રીન-૪ :
મે તેરા હીરો: ૮.૧૦, ૧૦.૪૦, ૧.૨૫, ૪.૧૦, ૬.૫૫, ૯.૪૦

આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
ઢીશ્કીયાં : ૧૦.૪૫, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
ઓ- તેરી : ૧૦.૩૦, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
યંગીસ્તાન : ૧૦.૧૫, ૧.૧૫, ૭.૧૫
રાગીની એમએમએસ-૨ : ૪.૧૫, ૧૦.૨૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
મે તેરા હીરો : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
કેપ્ટન ઓફ અમેરિકા : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
જલ : ૧૧.૦૦, ૭.૦૦
વીસ્કી ઈઝ રીસ્કી : ૨.૦૦, ૧૦.૦૦
રાગીની એમ.એમ.એસ. : ૪.૦૦

સૂર્યા સિનેમા (વાવોલ)

પ્રેમ કરે તો ગોરી તું હાયો કરજ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

વિરાગ સિનેમા(કલોલ)

પ્રેમ કરે તો ગોરી તું હાયો કરજે : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : ધારેલા કાર્યોનું પરિણામ શુભ આવશે. કૌટુંબિક જવાબદારીઓનું ધ્યાન રાખવું. આર્થિક સ્થિતિ સારી રહેશે. દિવસ અનુકૂળ રહેવાની શકયતા છે.

વૃષભ : આપના પ્રયાસોથી ઉન્નતિનો માર્ગ મોકળો થઈ શકશે. અનાયાસ જ ધન લાભ થવાની સંભાવનાઓ છે. સામાજિક કાર્યોમાં રુચિ વધશે. નોકરીમાં કાર્યની પ્રશંસા થઈ શકશે.

મિથુન : આપે ભાગ્ય પર છોડીને કરેલા કાર્યોમાં અનુકૂળતા મળી શકશે. માંગલિક ઉત્સવોમાં સામેલ થવાનો અવસર આવશે. બીજાની સાથે નકામા ન સંકળાવું.

કર્ક : વ્યાપાર-વ્યવસાયક્ષેત્રે નવા કરારો દ્વારા આર્થિક કાર્યોના વિસ્તાર સંબંધી કાર્ય થઈ શકશે. આપને કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યમાં ભાગદોડ થવાની સંભાવનાઓ છે.

સિંહ : મકાન- જમીન સંબંધી કાર્યોમાં બનવા જેવું ન થાય તેની કાળજી રાખવી. પોતાના પ્રયત્નોથી જ લોકપ્રિયતા અને સામાજિક સન્માન પ્રાપ્ત કરી શકશો.

કન્યા : પોતાનાથી કોઈ ભૂલ ન થાય તેની કાળજી રાખવી. નહિતર વિરોધીઓ હાવી થઈ શકે છે. સમસ્યાઓનો ઉકેલ બુદ્ધિમત્તાથી કરવો. વ્યવસાયિક લાભ થઈ શકશે.

તુલા : વેપાર- વ્યવસાયક્ષેત્રે સફળ યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકશે. વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. પરસ્પરના સંબંધોને મહત્વ આપવું ઘણું મહત્વનું છે.

વૃશ્ચિક : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા માન- સન્માન પ્રાપ્ત વૃદ્ધિ થઈ શકે છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે. અપરણિતોનાં લગ્ન સંબંધી માંગા આવશે.

ધન : વહીવટના ક્ષેત્રોમાં ઉચ્ચસ્તરીય, કુટુંબમાં માંગલિક કાર્યોનું આયોજન થઈ શકશે. ધર્મ, આધ્યાત્મ, જ્ઞાન વગેરેમાં વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થશે.

મકર : આર્થિક સ્થિતિ મધ્યમ રહેશે. સ્વજનોથી મેળમેળાપ થઈ શકશે. શારીરિક પીડા થવાની સંભાવનાઓ છે. આરોગ્યનું ધ્યાન રાખવું.

કુંભ : વધારે બીજાના વિશ્વામાં ન આવવું. વ્યવસાયિક યોજનાઓ સ્વયંની પ્રતિષ્ઠા અને માન- સન્માનને અનુરૂપ કાર્ય થઈ શકશે. ધન સંચય થશે.

મીન : આજે મહત્વના કાર્યો થઈ શકશે. નવા વિચાર કે યોજનાઓ પર ચર્ચા- વિચારણા થઈ શકે છે. સામાજિક અને રાજકીય ખ્યાતિમાં વૃદ્ધિ થઈ શકશે. વ્યાવસાયિક લાભ પ્રાપ્તિ થશે.

વિરવિદાય

- સ્વ. મંજીબા માધાજી ચાવડા (ઉ.વ.૯૦) મુ. પો.લીંબોદરા, તા.કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. કાળાજી ખોડાજી ઠાકોર (ઉ.વ.૮૦) મુ. પો.લીંબોદરા, તા.કલોલ, જી. ગાંધીનગર